

## સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

નમ્રતાપૂર્વક પચ્ચીસ વર્ષથી મેં સલામી ભરી છે,
વિનયપૂર્વક તો કદી ગુસ્સામાં સલામી ભરી છે,
કરી છે સલામી આકરી મારી સત્યની સમજથી -
સતત સેવા પછી આ આખરી સલામી ભરી છે.

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

**હાઈકુ**

સુજ્ઞ વાચકો
સલામ છે આપને
આભાર સહ...

કરજો માફ
વંદન હૃદયથી
કરજો યાદ...

### ચિંતન

**અતૃપ્તમપિ દુર્વચન ચિરં તિષ્ઠતિ ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.
નિરાધાર દુર્વચન પણ દીર્ઘકાળ સુધી સ્મરણમાં રહેતો હોય છે.
માણસ જીભ વડે જ ચડે કે પડે છે. જીભમાં મીઠાશ, વિનયયુક્ત આગ્રહ અને સત્ય સાથેની નમ્રતા હોવી જોઈએ.
કેટલાંક લોકો ગમે તેના વિશે, ગમે તેવું બચ્છટ,વાંકું, જૂઠું, ટીકાત્મક બોલ્યા કરતા હોય છે. કેટલાંકનો સ્વભાવ વિના વાંકે કે પૂરતી વાત સાંભળ્યા - સમજ્યા વિના પણ ઉગ્ર - અપમાનજનક શબ્દો બોલતા રહે છે, પણ આખી વાત સમજ્યા પછી ઘોર પસ્તાવો પણ કરતા રહે છે.
આપણા વિશે કોઈએ ખોટાં કે કડવા વચન કહ્યા હોય તે જિંદગીભર ભૂલી શકાતાં નથી. ક્ષમા કરવાનો સ્વભાવ હોય તો પણ ડંખ કે દાઝ, દુઃખ કે આઘાત હૃદય પર ચિરકાળ સુધી પીડા આપ્યા કરે છે. નાની વાત પણ જો પ્રમાણ સાથે ન હોય, દુઃખ કે આઘાત આપનાર હોય, દુર્વચન હોય, સામેની વ્યક્તિ ને અપ્રિય લાગે એવી હોય તો મન અને વાણી પર અંકુશ રૂપી લગામ મૂકીને પણ કોઈને કહેવી નહીં.

### સુવિચાર

- દુષ્ટ ને સજા કરવાનું બુમરાણ મચાવનાર મે ઘણાં જોયા, પણ નિર્દોષ ને નિર્દોષ જાહેર કરવાની ચિંતા કરનારા બહુ ઓછાં જોયા - **ઈશ્વર દત્ત**
- શિક્ષણ એટલે સત્યમ્ શિવમ્ સુંદરમ્ માનવ સત્યનું આચરણ કરે, અન્યનું શિવ ઈચ્છે અને જગતને સુંદર બનાવે - **જનકલ્યાણ**
- પ્રયત્ન પ્રામાણિક હોય તો તે પોતે જ એક આશ્વાસન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મૂર્ખ તો એ જ છે કે જે પોતાના આત્માને છેતરી વખતે એમ માને કે 'હું જગત ને છેતરું છું' - **સંત રોબિન**
- જુવાનીમાં જેણે માત્ર પૈસાની દોસ્તી કરી છે એ ઘડપણમાં વધારે એકલો પડી જાય છે - **જીવન પાથેય**
- મોટા ભાગના માણસો પાસે બે દિવાલ છે... માથું પછાડવા માટે.... એક ગઈકાલની... અને બીજી... એક છે આવતીકાલની - **રમેશ પુરોહિત**
- આજનું ઓષધ : ૬૦ ગ્રામ દિવેલ, ૧૦૦ ગ્રામ શુદ્ધ મધમાં મિક્સ કરી રોજ સવાર-બપોર-સાંજ એક ચમચી ચાટી જવાથી દમમાં ફાયદો થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આશ્રમમાં આવેલા નવા શિષ્યને ગુરુએ કહ્યું, 'આવી જાઓ' શિષ્ય ઓરડાના બારણા પાસે દૂર ઊભો રહ્યો એ જરા નજીક આવ્યો. ગુરુએ ફરીથી કહ્યું, 'આવી જાઓ' અને શિષ્ય વધારે નજીક આવ્યો. ત્રીજી વાર ગુરુએ કહ્યું, 'આવી જાઓ' એટલે શિષ્ય મૂંઝાયો અને શું કરવું એ એને સૂઝ્યું નહીં.

ગુરુજીએ સ્પષ્ટતા કરતા કહ્યું, હું 'આવી જાઓ' એવું કહું એમાં તમે વધારે નજીક આવો એમ નથી કહેતો. પણ તમે ખરેખર આવી જ જાઓ એમ કહેવા માંગુ છું, હજી તમે ખરેખર આવ્યા નથી. હજી તમે આશ્રમમાં આવ્યા નથી, મારી હાજરીમાં આવ્યા નથી, મુક્તિની સાધનામાં આવ્યા નથી. હા, તમારા પગ અહીંયા છે અને તમારું શરીર અહીંયા છે, પણ તમારું મન હજી તમારા ગામમાં છે. તમારું સ્મરણ તમારા ઘરમાં છે, તમારી લાગણી તમારા કુટુંબમાં છે. એટલું જ કહું છું કે અહીંયા આવી જાઓ. મનથી અને દિલથી અને લાગણીથી અને વિચારથી અહીંયા નહીં આવો ત્યાં સુધી તમારી સાધના થઈ શકે તેમ નથી.'

શિષ્યને 'આવી જાઓ' નો સાચો અર્થ સમજાયો.

# દરેક પક્ષો અલગ-અલગ રણનીતિ ઘડે છે

**તંત્રીસ્થાનેથી...**

બંધારણ દિવસનો પણ રાજકીય લાભ માટે 'સદુપયોગ' થઈ શકે તે નરેન્દ્ર મોદીએ સાબિત કરી બતાવ્યું. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને લોકસભાના સ્પીકર સહિત ભારતીય જનતા પાર્ટીના સાંસદો એની ઉજવણીમાં ઊલટભેર હાજર રહ્યા જ્યારે વિપક્ષો એમાં ગેરહાજર રહી આડકતરી રીતે નારાજગી દર્શાવી. બંધારણને આંબેડકરની દેન માનવામાં આવે છે. હકીકતમાં એની રચનામાં આંબેડકરનું કેન્દ્રવર્તી પ્રદાન છે પરંતુ એ જાતે કબૂલે છે એમ એમણે તો 'લહિયા'નું કામ કર્યું હતું. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને પંડિત જવાહરલાલ નહેરુથી લઈ સરદાર પટેલ, કનૈયાલાલ મુનશી, ચક્રવર્તી રાજગોપાલાચારી અને મૌલાના અબુલ કલામ આઝાદ સહિત અનેક નેતાઓએ બંધારણ સમિતિના સભ્યો તરીકે પોતપોતાના અભિપ્રાય આપ્યા હશે જેનું સંકલન, સંમાર્જન અને સંપાદન બાબાસાહેબ આંબેડકરને કરવું પડ્યું હશે. 'બંધારણ દિવસ' ની ઊજવણી ઈંદિરા ગાંધી કરે કે નરેન્દ્ર મોદી - તે દિવંગત બાબાસાહેબથી લઈ વર્તમાન બંધારણવિદોને જરૂર થોડું રમૂજપ્રેરક જ લાગે. પ્રખર નેતાને કોઈ 'બંધારણ'ના બંધનમાં પુરાઈ રહેવાનું ફાવે જ નહીં. એ કામ મનમોહનસિંહ જેવા કારકુની પ્રકૃતિ ધરાવતા નેતાનું. બાકી જે સક્ષમ નેતા છે એને તો એનું પોતીકું, વણલખ્યું બંધારણ હોય. બંધારણમાં નડતી કલમોને એ મોદી-શાહની જેમ ઘડીના છઠ્ઠા ભાગમાં 'કાશ્મીર ભેગી' કરી દે ત્યારે જ એને જંપ વળે. જોકે પદભાર સંભાળતી વેળાએ એક પ્રણાલિકા અને પરંપરા મુજબ બંધારણને વફાદાર રહેવાના સોગંદ લેવા પડે છે, પણ પછી બહુમતીના જોરે એ બંધારણની કલમોને રફેદફે કરી નાખવાની પણ મંશા તો રહે જ છે. આંબેડકરનું બંધારણ કાળક્રમે જે - તે મસર્થન રાષ્ટ્રીય નેતાની ઈચ્છા મુજબનું બંધારણ બની જતું હોય છે. ઈંદિરા ગાંધીએ તો એને એક તબક્કે અભેરાઈ પર જ ચડાવી દીધું હતું તે કોણ નથી જાણતું? મોદી શાસનને એમના ટીકાકારો 'અઘોષિત કટોકટી' નું જ શાસન ઘણાવતા રહ્યા છે અને છતાં તેઓ વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકેનો માનમોભો મેળવી શક્યા છે તેની પણ નોંધ લેવી જ રહી. એમણે વિપક્ષની ગેરહાજરી સંદર્ભે પારિવારિક શાસનની નુક્તેચીની કરીને નામ લીધા વગર જ એક સાથે અનેક પંખી પાડ્યાં! કોંગ્રેસનું પતન પારિવારિક શાસનની જ ફલશ્રુતિ છે એ તો સર્વવિદિત છે. નહેરુ - ઈંદિરા - રાજીવ અને એ પછી પ્રોક્સી શાસન તરીકે સોનિયા ગાંધીએ કોંગ્રેસ પાર્ટીને એક કુટુંબની જાગીરમાં ફેરવી દઈ લોકશાહીની હાંસી જ ઉડાવી છે. એવું જ જયપ્રકાશ નારાયણ અને રામમનોહર લોહિયા જેવા સમાજવાદી વિચારધારાને વરેલા નેતાઓની નિશ્રામાં તૈયાર થયેલા મુલાયમસિંહ અને લાલુપ્રસાદે કરી બતાવ્યું. સમાજવાદી પાર્ટીના નામે મુલાયમ પરિવાર જ લાભ ખાટતો રહ્યો છે. લાલુપ્રસાદે તો જેલ થઈ ત્યારે પણ અભણ પત્નીને મુખ્યમંત્રી બનાવી પ્રોક્સી શાસન કર્યું હતું. આજે પણ એમની રાષ્ટ્રીય જનતા દળ એક પરિવાર પાર્ટીથી વિશેષ કંઈ જ નથી, ભલે જ્ઞાતિસમાજની ગણતરીથી કે લઘુમતીના મેળાપતી તે બિહારની વિધાનસભામાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવી હોય. અલ્પશિક્ષિત પુત્ર જ લાલુની પાર્ટીનો મુખ્યમંત્રી પદનો ઉમેદવાર હતો. વળી ઘરનો ઝઘડો મિલકત વહેંચવાની હોય એમ રાજકારણમાં પણ નિત્ય નવા ખેલ પાડતો રહ્યો છે! મુલાયમબંધુ શિવપાલ યાદવે નારાજ થઈને નવી પાર્ટી બનાવી છે. અપુત્ર શરદ પવારે ભત્રીજા અને પુત્રીને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીનો વારસો સોંપી રાખ્યો છે. એવું જ દક્ષિણ ભારતની દ્રવિત પાર્ટીઓમાં કે તેલુગુ દેશમ અને તૃણમૂલ કોંગ્રેસમાં પણ બની રહ્યું છે. રાજકારણે એક 'લુક્રેટિવ બિઝનેસ' નું સ્વરુપ ધારણ કર્યું છે. લોકશાહીની આ હાંસી નથી તો બીજું શું છે? મોદીએ પારિવારિક પાર્ટીઓની ફીરકી લઈને મતદારોને ચેતવ્યા છે એમાં વાંધો ન હોઈ શકે. લાખ-કરોડ રુપિયાનો સવાલ એ રહે છે કે સંઘ પરિવારની પાર્ટી શું બંધારણના મૂલ્યોને નખશિખ વળગી રહી છે?

# આ એક નવો અને અસરકારક પ્રયોગ છે



**આરપાર**
રાઘવજી માધડ

આપણે ત્યાં કથા-રસ જૂનો અને ભારે ઊંડો રહ્યો છે. અને એટલે જ અબાલવૃદ્ધ સૌને કથા-રસ માણ વાની મઝા આવે છે. કથાકાર સામે લાંબા સમય સુધી બેસીને કથાનું પયપાન કરે છે.કોરોનોકાળમાં દૂરદર્શન પર 'રામાયણ' અને 'મહાભારત' શ્રેણીઓ રજુ કરવાનો પ્રયોગ સફળ રહ્યો હતો. ખાસ કરી આવી ધાર્મિક કથા અને કથાના રસપાનનો ભારે મહિમા રહ્યો છે. વ્યાસપીઠ પરથી કોઈ વક્તા, સંત-મહાત્મા દ્વારા પ્રસ્તુત થાય અને ભક્તજનો ભરપુર ભાવ સાથે પ્રત્યક્ષ અથવા જ્યાં હોય ત્યાંથી શ્રવણપાન કરે.આ એક ચોક્કસ દિવ સોનો ભક્તિભાવ સાથેનો મહોત્સવ હોયને આયોજકો દ્વારા પરંપરા મુજબ ઉજવાય.તેમાં ખાસતો ભક્તિ ભાવ જ કેન્દ્રમાં હોય. હવે તો સોશિયલ મીડિયા પર ઈચ્છો ત્યારે કથાઓ સાંભળવા મળે એવું છે.

પરંતુ આપણે ત્યાં નારાયણભાઈ દેસાઈ 'ગાંધીકથા' લઈ આવ્યા હતા. તેમાં મહાત્મા ગાંધી કેન્દ્રમાં હોય.'ગાંધીજી'ને સર્વથા સમજવા, પામવાનો આ એક ઉત્તમ ઉપક્રમ ગણી શકાય એવું હતું.સોનામાં સુગંધ ભળ્યા જેવી એ બાબત હતી કે, કથાના પ્રસ્તુતકર્તા નારાયણભાઈતો ખુદ ગાંધીજીના ખોળામાં રમ્યા હતા!

આ ગાંધીમહિમા સાથે કથાને પોતાની રીતે આગળ ધપાવનાર પ્રો. યોગેન્દ્ર પારેખ (અમદાવાદ) ગાંધીકથાની સંગીતમય પ્રસ્તુતિ કરે છે.તેઓએ પંદર જેટલી કથાઓ કરી છે.જેમાં ખાસતો ગાંધીજી વિશેની આધારભૂત માહિતી,સત્યાગ્રહો,રચનાત્મક કાર્યો...રસહીન નહી, રસમય રીતે લોકોના હૃદય સુધી પહોંચે. કથામાં આગળ વધીએ તો પ્રો.ગુણવંત વ્યાસ (આણંદ) કવિ રમેશ પારેખ વિશેની 'રમેશ કથા' લઈ આવ્યા છે.એ બેઉ અને ત્રીજો હું, મૂળ અમરવલ્લરી અમરેલીના. રમેશભાઈને મળ્યા હોઈએ એ સ્વાભાવિક છે.આ કથામાં રમેશ પારેખની સાહિત્યિક યાત્રામાં સંઘર્ષ, વળાંક... વગેરેની વાત કરે છે.આ સિવાય હાસ્યલેખક જ્યોતિન્દ્ર દવે અને બકુલ ત્રિપાઠીનો 'હાસ્ય દરબાર' તેમજ ભગવતીકુમાર શર્મા અને દલપતરામ વિશેની સાહિત્યિક કથાઓ પણ તેઓએ પ્રસ્તુત કરી છે. કથા-સાહિત્યમાં આ એક નવોને અસરકારક પ્રયોગ રહ્યો છે.

અહીં આ વિવિધ કથાઓના પૃષ્ઠો ફંફોસવાનો ઉપક્રમ ગાંધીનગર સરકારી કોલેજના પ્રો.વનરાજ સિંહ જાડેજાએ ઊભો કરી આપ્યો છે. તેઓએ સોશિયલ મીડિયાના માધ્યમથી ગોંડલના મહારાજા ભગવત સિંહજીના રાજવી તરીકેના ઉત્તમ એવા પ્રજાહિતના કાર્યોની પ્રસ્તુતિ કરી,સપ્તાહ ઉજવણી કરી હતી.તેઓ એ એક વિસરાતો અમુલ્ય વૈભવ,વારસાને લોકો સમક્ષ ઉજાગર કરી તેઓએ તા.૨૪-૧૦-૨૧ થી ૩૦-૧૦-૨૧ લોકશાહીના બીજ-નામે ભગવત સપ્તાહની ઉજવણી કરી હતી.જેમાં સૌથી પહેલાં ગોંડલ-ભગવત સિંહજી..મારીપ્રજા સુખી રહો-ભાવેણા નરેશ કૃષ્ણકુમારસિંહજીપ જેમના જીવનમંત્ર રહ્યા છે,એવા પ્રજાકીય શાસનના ઉત્તમોત્તમ ઉદાહરણ વિશે અથવા રાજાશાહીમાં લોકશાહીના માઈલ સ્ટોન સમાન ને હિંદુસ્તાનના ઈતિહાસમાં આઝાદ ભારતની નીવ સમાન આ પ્રતિભાઓ વિશે આપણે કેમ ઉદાસ છીએ! આવો સવાલ તેઓને થાય તે સ્વાભાવિક છે.મુંબઈના ગવર્નર લોર્ડ સેન્ડહસ્ટ ગાંધીજીને મહાત્માનું બિરુદ આપનાર ભગ વતસિંહજી માટે કહે છે કે'ગોંડલ રાજ્યનો બારીકાઈથી અભ્યાસ કરવાની જરૂર છે કેમ કે-એક નમૂનેદાર રાજતંત્ર અહીં જ મળે છે.'...તો ૧૭ ડિસેમ્બર ૧૯૪૭ બિરલા હાઉસમાં ગાંધીજી મહારાજા કૃષ્ણકુમાર સિંહજી માટે કહે છે કે' આ મહારાજા તો મહારાજા જ છે,ને ૧૮ ડીસે.રિયાસતખાતાના પ્રધાન વલ્લભભાઈ કહે છે કે, 'મહારાજ તમે મારો પહાડ જેવડો ભાર હળવો કરી દિધો.' વગેરે વગેરે...મિત્રો આ નિવેદનો પછી શું..? આ વારસો અને વૈભવ ગુમાવવાનું આપણને પાલવે તેમ નથી.નવી પેઢીને તેનાથી વંચિત રાખવાનું પાપ આજે આપણે કરી રહ્યા છીએ. ત્યારે...રાજા ભગવતસિંહજીના જન્મદિન નિમિત્તે લોકશાહીના બીજ 'ભગવત સપ્તાહ'નામે તેમના સાગર સમાન જીવનમાંથી આચમની સમાન રોજ એક પોસ્ટ ચાખી પાવન થઈ સ્મૃતિ વંદના કરીશું.આશા રાખીએ કે વર્તમાન શાસકો 'ભગા બાપુ'ના પ્રજાકીય નિર્ણયના પગલે ચાલી અંજલી આપશે.' આ સમગ્ર ઉદગારના ઉદ્ગાતા પ્રો.વનરાજસિંહ જાડેજા છે.

કવિ-સાહિત્યકાર અને રાજા-મહારાજાઓની કથા દ્વારા મૂલ્ય-સંસ્કારનું સિંચન કરનાર આ ત્રણેય જીવંત પ્રોફેસરો શ્રી ગુણવંત વ્યાસ, શ્રી યોગેન્દ્ર પારેખ અને શ્રી વનરાજસિંહ જાડેજાને વંદન સહ અભિનંદન પાઠવવા રહ્યા. કોઈ પ્રોફેસરને આવું સ્તુત્ય કાર્ય કરવાનું સૂઝે તો આપણા એડવાન્સ પાયલાગણ!

**છેલ્લે :**

આ દુનિયામાં બધું જ કીમતી અને મૂલ્યવાન છે પણ મળ્યા પહેલા અને ગુમાવ્યા પછી...

# વોટ્સએપ યુનિવર્સિટીઓ અને ગ્રુપના સુપ્રસિદ્ધ ખવિ શેખકો...



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

આજકાલ જૂની અને જાણીતી સાહિત્યિક સંસ્થાઓ કરતા વૉટ્સપ યુનિવર્સિટીઓ અને ગ્રુપો વધારે ખવિ શેખકોનું ઉત્પાદન કરી રહ્યા છે. વળી આવા ખવિ શેખકોને પાળીપોષીને એવા મોટા બનાવી દેવામાં આવે છે કે તેઓ થોડા જ સમયમાં ગુજરાતી ભાષાના સારા સારા મોટા કવિઓને પણ નાના સમજવા લાગી જાય છે. અને પોતાને ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ લેખક માનતા થઈ જાય છે. અને પછી એવું એવું સર્જન કરવા લાગી જાય છે કે એ વાંચીને એર સ્ટ્રાઈક કરવાનું મન થઈ આવે છે. રાતોરાત એમના કાવ્યસંગ્રહો પણ આવી જાય છે. જો કે આમ જોઈએ તો આમાં આવા ખવિઓનો વાંક નથી હોતો. તેઓ તો બિચારા મુગ્ધ બાળક જેવા હોય છે, પણ તેમને ગ્રુપના બીજા બિનસાહિત્યિક સભ્યો વખાણ કરી કરીને ચણાના ઝાડ ઉપર ચડાવી દેતા હોય છે. મોટાભાગના વૉટ્સપ ગ્રુપોમાં આવા પંદરમાં ખેલાડીઓ અને બાઉન્ડ્રી બહારના ખેલાડીઓ વધારે હોય છે. હવે જેણે પહેલી વખત બેટ પકડ્યું હોય, સોસાયટીમાં પણ પહેલા બૉલે આઉટ થતા હોય એવા કૂપોષિત ખેલાડીને પણ "વાહ સચિન વાહ સચિન" કહીને ઘણાયે ઉત્સાહી ભાવકો સાપ છછૂંદર ગળી જાય એમ આવા હજી નહી જન્મેલા કવિઓની આખી કારકિર્દીને ગળી જતા હોય છે. આવા સાવ નવરા અને સાહિત્યવિહીન વહાનુભાવોની ખોટી પાણીપોચી પ્રસંશામાં આવી જઈને બિચારા અનેક ઊર્મિશીલો - કવિ બનતા રહી જાય છે અને કલમ-કૉલમધારકો -લેખકો બનતા રહી જાય છે. આવી આભાસી ભ્રામક પ્રસંશાનો મોહ એટલો બધો ખતરનાક હોય છે કે ભલભલા એના મોહમાં ફસાઈ જાય છે. જેને લીધે મોટાભાગના શેખકોમાં લેખક બનવાની ટેલેન્ટ હોવા છતાંય આખી જિંદગી નથી બની શકતા. અમુક વૉટ્સપગ્રુપમાં તો રોજે રોજ મુશાયરાઓ યોજાતા હોય છે. આવા મુશાયરાઓમાં પાછી રચનાઓ કેવી પ્રસ્તુત થાય... ઘેલી મારી ભાર્યા ગઈ છે પિયર / આજ અમે બિંદાસ પીશું બિયર, તો વળી બીજા એક કવિ રજુ કરે, સરોવરમાં પાણી ભર્યું છે લાખો લીટર / નર્મદામાં પૂતળું છે ઉંચામાં ઊંચું ૧૮૨ મીટર. બસ પ્રાસ મળી ગયો એટલે બની ગઈ ગઝલ ? એમાં વળી કોઈ બહેન હોય અને એ લખે કે " સિલ્કની સાડી પહેરીને બજાર જવા નીકળું છું. / ઘેર આવીને ચક્કીમાં ઘઉંનો લોટ દળું છું. તો વળી બીજા એક બહેન પોસ્ટ કરે " તાજું તાજું પાણી નળમાં આવે છે. / પતિ સાબુ કપડાં ધોવા લાવે છે. .... આવી કવિતાઓ પોસ્ટ થતા જ સ્ત્રી દાક્ષિણ્ય ધરાવતા એડમીનશ્રીનો અભિપ્રાય આવે. વાહ..વાહ.... સિલ્કની સાડી ને ઘઉંનો લોટ... શું કલ્પનો પ્રયોજ્યા છે. ઉત્તમ કવિતા. ત્યા બીજા એક શિક્ષિત વરસી પડે – ગુજરાતી કવિતામાં પહેલીવાર સિલ્કની સાડી આવી. આપ આગે બઢો હમ આપકે સાથ હૈ, ત્યાં ત્રીજા એક મહાભિદ્વાન વરસી પડે, વાહ.... નળનું પાણી અને કપડાં ધોવાના સાબૂનું સાયૂજ્ય અદભુત છે. આ કવિતાથી ગુજરાતી કવિતા રળિયાત બની છે. અનેક પતિઓને પ્રેરણા મળશે. ત્યા વળી કોઈ બીજી પોસ્ટ મૂકે કે આગળની બન્ને કવિતાઓમાં " બિયર અને પિયરનો પ્રાસ તથા લીટર અને મીટર" નો પ્રાસ અદભુત રીતે પ્રયોજાયો છે. સરોવરમાં લાખો લીટર પાણીની કલ્પનાથી કાવ્યનું સૌદર્ય ભીંજાયું છે. અને પત્ની પિયર જાય અને બિયર પીવાની મજાથી કાવ્ય નશીલું બને છે.

આવા અભિપ્રાયોને કારણે ઘણાયે ઉગતા સારા કવિઓ ખોટી પ્રસંશાના પાયામાં દટાઈને પોતાનું સત્ત્વ ને તત્ત્વ ગૂમાવીને સાહિત્યમાં શહીદ બનતા હોય છે. એમાંય જો કોઈ ઉગતા કવિને કોઈ ઓનલાઈન મુશાયરામાં સ્થાન મળ્યું હોય તો તો... સારા સર્જકો પણ કેવા કેવા અભિપ્રાયો આપીને એમની ખુશામત કરતા હોય છે એ પણ જોવા જેવું છે. " સાહિત્યના સાધક, મૂક સેવકના બિરૂદ મળી જાય, તો વળી કોઈ સહૃદયી લખે કે " એ કવિના મીઠા અને મઘમઘતા શબ્દોથી પ્રતિદિન આપણને પ્રસાદનું પાન થાય છે. તો વળી એક કવિ એવું લખે કે " કવિ સાધુ, સંત મહાત્માની કક્ષાના સર્જક છે. એમની સાધના, સાધુવાદ અવિરત છે. તો વળી કોઈ એને મરીઝ કે ઘાયલ કે ગની સાથે સરખાવીને ગિરનારના ગુરુશિખર પર ચડાવી દે છે. અને પછી પેલો નવો કવિ બિચારો હજી એક બે ગઝલો લખી હોય કે એકાદ સંગ્રહ થયો હોય છતાંય પોતાને ગાલિબ સમજવા લાગે છે. જો કે આમાં મોટેભાગે કવિઓ કે ખવિઓ નિર્દોષ હોય છે. એમને ચણાના ઝાડ ઉપર આવા બિનસાહિત્યિક અને સૂષ્ઠુ સૂષ્ઠુ બોલવાવાળા ભાવકો ને સર્જકો જ ચડાવતા હોય છે. એક તો વાંદરું હોય અને એમાં એને દારૂ પાઈએ. પછી જે ખેલ થાય તેવો ખેલ આજકાલ વૉટ્સપ ગ્રુપોમાં અને સાહિત્યમાં વર્ષોથી ચાલી રહ્યો છે. એક સ્ત્રી દાક્ષિણ્ય ધરાવતા બીજા ભાવક વળી જોડકણું કૉટ કરીને કોમેન્ટ્સ લખે, બહેન આપ, ઉત્તમ લખો છો, આપે સંગ્રહ બહાર પાડવો જોઈએ." બસ, અને પછી શરું થાય છે પેલી બહેનના ઘરમાં ઝગડાઓ, કેમ કે તેના પતિને ખબર હોય છે કે પોતાની પત્ની કેવું અર્થવિહીન,અસ્પષ્ટ અને એબ્સર્ડ લખે છે. આવા ગ્રુપોમાં સાવ હડહડતી ખોટી પ્રસંશાના ફસગુલ્લા ખાઈ ખાઈને ઉછરેલા ખવિઓ પોતાના શબ્દોના પ્રાસ મેળવવાથી ક્યારેય આગળ વધી શકતા નથી. જેમાં ફરવું નહીં/મરવું નહી/ ભરવું નહીં/કરવું નહીં તો ક્યાંક... છટકે છે/ચસકે છે/અડકે છે/મરકે છે. તો વળી પતંગ આવે એટલે તંગ આવે જ, સંગ, અંગ અને રંગ તથા તરંગ આવે જ.... આવી બધી ખવિતાઓમાં શબ્દોનો કે ભાવનો કોઈ મેળ હોતો નથી. અર્થનો પણ કોઈ મેળ હોતો નથી. બસ પાછળ પ્રાસ મળી ગયા, થોડો છંદ આવડતો હોય તો એ મળી જાય એટલે પત્યું. કેટલાક તો સીધે સીધા વાક્યોને ગઝલ કે કવિતા સમજી લે છે. ખરેખર તો સાચા કવિઓ જોડકણાં લખે તો એમાંય વ્યંગ્ય અને કવિતા હોય છે. પણ આ અત્યારના બધા જોડકણાંની વ્યાખ્યામાં ય આવતા નથી હોતા. વળી સૌથી મોટી કરૂણતા એ હોય છે કે આવા ખવિઓ જ પોતાને સૌથી ઉત્તમ અને સુપ્રસિદ્ધ માનતા હોય છે. અને એમાંય જો કોઈ એકાદ બે મોટી સંસ્થામાં એકાદ "ઊંચું પદ" મળી જાય કે નામની આગળ "ડૉ" લાગેલું હોય તો તો... બિનસાહિત્યિક ભાવકોને બિચારાઓને એમ જ લાગે કે આ લોકો જે લખે તે ઉત્તમ જ હોવાનું. સાહિત્ય આવું જ હોવાનું. અને પાછું આવા પદધારીઓ કે "ડૉ" ખવિઓ કે શેખકો બીજાને ગ્રુપમાં સાહિત્ય શીખવવા લાગી જાય છે. અને પછી કાગડો સંગીતના સાત સૂરનું જ્ઞાન કોયલને આપે અને ગીત ગાતા શીખવે એવો માહોલ રચાય છે.

આજે સાચું સાહિત્ય બહું ઓછું લખાય છે અને ખોટી ખઝલો ને ખવિતાઓના કચરાના ઢગ ચારેતરફ સોશિયલ મીડિયામાં ખડકાયા કરે છે. લોકો એને કવિતાઓ માનીને કે સંબંધને કારણે કે કોઈ સ્વાર્થને કારણે લાઈક, કૉમેન્ટ્સ અને પ્રસંશા આપ્યા કરે છે. અને આ બધુ જોઈને ખવિ કે શેખક એવું સમજે કે પોતાની લોકપ્રિયતા ઊંચે જતી જાય છે. પણ આવા બધાનું અન્ય જાહેર પ્રવૃત્તિઓમાંનું અને કામોનું, બોલાતી અને લખાતી ભાષાનું છિછરાંપણું જોઈને મોટાભાગના સમજી જતા હોય છે કે આમાં કોઈ દમ નથી. આ ખાલી હવામાં ઊંચે ઊંચે ઊડતો હવા ભરેલો ફૂગ્ગો છે માત્ર. જે કદી એક જગ્યાએ ટકી શકતો નથી.

આજે કોઈનેય સાચું બોલવું નથી. કોઈને સાચું સાંભળવું નથી. સૌ સર્જકો એમ વિચારે છે કે આપણે શું ? કાણાને કાણો કોણ કહે ? વળી મોટાભાગના માને છે કે આપણે તો સૌને પ્રોત્સાહન આપવાનું હોય. પણ આ બધા મિત્રો એ નથી જાણતા હોતા કે આવા પ્રોત્સાહનો પણ ઘાતક નીવડે છે. ખોટા પ્રોત્સાહનોથી ઉગતા કવિઓ ગેરમાર્ગે દોરાય છે ને એમની સર્જનકલા અકાળે અવસાન પામે છે. સાહિત્યમાં જ્યા સુધી ખોટી વાહ વાહ અને ખોટા પ્રોત્સાહનો ને પ્રસંશા રહેશે ત્યાં સુધી સાહિત્યમાં કવિઓ કરતા ખવિઓ અને લેખકો કરતા શેખકોની સંખ્યા વધતી રહેવાની, એમની વાહવાહી, સન્માનો, પુરસ્કારો, ચોરીઓ, કૉપી પેસ્ટ, નકલો..બધુ થતું રહેવાનું. આને કારણે કાચના ટૂકડાઓ ચમકતા રહેશે અને સાચના ટૂકડાઓ, સાચા સર્જકો સામે બેસીને તાલીઓ પાડતા રહેશે. દુનિયાનું કોઈ વૃક્ષ સીધું ફળ નથી આપતું. દુનિયાનું કોઈ બાળક સીધું દોડવા નથી લાગતું. એ ચાલતા શીખે એ પહેલા પાંચ દસ વાર પડે છે. છોલાય છે, ક્યારેક લોહી પણ નીકળે છે. શીખવાની એક પ્રોસેસમાંથી પસાર થયા પછી એ ચાલી શકે છે. જીવનના કોઈપણ ક્ષેત્રમાં શીખવાની આ પ્રોસેસ હોય છે. અને સાહિત્યમાં આજે સૌને કશું જ શીખ્યા વિના, સમજ્યા વિના સીધા જ સુપ્રસિદ્ધ થઈ જવું છે. શબ્દોમાં સાર કે સત્વ હોય કે ના હોય... બસ લખ્યું એટલું બધુ જ સાહિત્ય ... બસ આમ જ મોબાઈલમાં વૉટ્સપ યુનિવર્સિટીઓ અને ગ્રુપોમાંથી થોકબંધ ખવિઓ અને શેખકોના ઉત્પાદનો થયા જ કરે છે થયા જ કરે છે. ઈશ્વર સૌને સાચું સમજવાની, શીખવાની અને લખવાની શક્તિ આપે, પ્રેરણા આપે અને સૌ સાચા કવિ ને લેખક બને એવી અભ્યર્થના.

**9426060601.india@gmail.com**

# યે લાલ રંગ...!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

નવોઢાનું ઘરચોળું કોઈ બીજા કલરનું તમે કલ્પી શકો ? પ્રેમના ઈજહાર કરતી વખતે તમે પીળું કે સફેદ ગુલાબ કલ્પી શકો ??? દિવાળીમાં કે કોઈપણ શુભ તહેવારો કે દિવસોમાં આંગણામાં કે ઘરના દરવાજે કરાતા શુભ લાભ કે સ્વસ્તિકને તમે બીજા કોઈ રંગમાં કર્યા છે ક્યારેય ? આજકાલ ભલે લિપસ્ટિક અનેકો કલરમાં કરાતી હોય પણ આજે આપણે જે રંગની વાત કરવાના છીએ એના જેવો ઉઠાવ કે અસર બીજા કોઈ રંગની લીપસ્ટિકની ક્યારેય આવવાની નથી. ઓકે વાતમાં વધારે મોણ નાખ્યા વગર ચોખવટ કરી દઉં કે ઉપરના પ્રશ્નોના કોમન જવાબ છે 'રંગ લાલ'..! જી હા જગત આખુંયે વિવિધ રંગોથી ભરેલું.. છલકતું, ચમકતું પડ્યું છે પણ જો કોઈ એક રંગ એમ સૌથી વધુ આગળ પડતો કે લોકપ્રિય હોય તો એ છે લાલ રંગ..!અને પહેલા સુપરસ્ટાર રાજેશખન્ના ઉર્ફે કાકા એ ફિલ્મ પ્રેમનગરમાં ગાયેલું..." યે લાલ રંગ કબ મુજે છોડેગા...??" ની જેમ આ લાલ બોલે તો રેડ રંગ આપણો એમ પીછો છોડે એમ નથી બીકોઝ રેડ એટલે રેડ.. લાલ-મ-લાલ એ આપણા જીવનનો એક અહમ રંગ છે.. કલર છે..અરે એ માત્ર કલર કે રંગ નહીં પણ માનવજીવન નો એક અગત્યનો હિસ્સો છે. ડગલે ને પગલે લાલ નો જાદુ આપણા પર છવાયેલો રહે છે!

અને લાલ નું કેટલું મહત્વ છે એની શરૂઆત જ 'લોહીનો રંગ લાલ' થી થઈ જાય છે અને એનાથી પણ આગળ આપણે જીવન અને મરણ એ આપણા જીવનના બન્ને મહત્વના પ્રસંગોમાં લાલ ને આગળ પડતું સ્થાન આપ્યું જ છે ને ?. એમ તો લાલ રંગ ને આગ સાથે પણ કનેક્શન છે જ ને..? લાલ રંગ અત્યંત વૈવિધ્યપૂર્ણ જગ્યા- પ્રસંગોમાં વપરાય છે તો સાથે સાથે એ જન્મ અને મારાં જેવા સાવ સામા છેડાના પ્રસંગોમાં પણ અચૂક હોય જ છે. એક બાજુ લાલ રંગ આનંદ – સુંદરતા-શરૂઆતમાં વપરાય છે તો બીજી બાજુ એ જ લાલ રંગ વેર-દ્વેષ-વિનાશ માં પણ વપરાય છે. જન્મ-મરણ ની જેમ જ દૈહિક ઈચ્છાઓ માં પણ લાલ રંગ પ્રતીકાત્મક વપરાય છે. લાલ લાલ હોઠ.. લાલ મેક્સી.. લાલ ગાઉન જાતિયતાને વધુ ઉજાગર કરે છે. જો કે લાલ રંગ અંગે થયેલા વૈજ્ઞાનિક સંશોધન એમ કહે છ કે લાલ રંગના કપડાં પહેરેલી સ્ત્રીઓ વધુ સુંદર લાગે છે કદાચ એટલે જ આપણે ત્યાં નવોઢાને લાલ ઘરચોળું પહેરાવાય છે અને શૃંગાર પણ મોટેભાગે લાલ જ હોય છે. લાલ કેટલા બધા વિરોધાભાસી સિચ્યુએશન માં વપરાય છે કે દેખાઈ છે. આગળ જન્મ-મરણની વાત કરી એમ જ 'લાલ રંગ પ્યારનો' પ્રચલિત છે જ ને. યુદ્ધ માં વહેતા લોહીનો રંગ લાલ છે તો પ્રેમમાં દિલમાં ઉઠતાં તરંગોનો રંગ લાલ છે. પ્રેમમાં ગાલે દેખાતા શેરડાઓનો રંગ લાલ છે. પ્રેમી કે પ્રેમિકાના હાથમાં રહેલા ગુલાબનો રંગ લાલ છે. શરમથી લાલચોળ થઈ જવાય છે પીળાચોળ કે નારંગીચોળ નહીં..!

હિન્દુ ધર્મમાં લાલ રંગને શુભ માનવામાં આવે છે એની પાછળનું બીજું એક કારણ એ પણ છે કે લાલ રંગને સકારાત્મક ઊર્જાનું પ્રતિક મનાય છે. શાસ્ત્રોમાં પણ લાલ રંગને સારા નસીબનું પ્રતિક માનવામાં આવે છે. શાસ્ત્રો સિવાયની વાત કરી તો લાલ રંગને આકર્ષણનું કેન્દ્ર કહેવાય છે અને લાલ રંગ ભયનું સૂચન પણ કરે છે. ભૌતિકવિજ્ઞાનના મતે લાલ રંગના કિરણોની વેવલેન્થ હાઈએસ્ટ હોય છે. લાલ રંગના કિરણો ઓછા વેરવિખેર થતા હોય છે જેથી લાલ રંગના કિરણો બહુ લાંબે સુધી જઈ શકતા હોય છે. એટલે ઘણા દૂરના અંતરેથી પણ લાલ રંગ જલદી દેખાઈ જાય છે એટલે જ 'આગળ ભય છે' કે 'ડેન્જર અહેડ' ની સાઈન માટે લાલ રંગનો ઉપયોગ થાય છે અને એટલે જ ટ્રાફિક સિગ્નલોમાં થોભો માટે લાલ રંગ પસંદ કરાયો છે અને એ સીવાય સ્ટોપ સિગ્નલ, બ્રેક લાઈટ, વોર્નિંગ સિગ્નલ, આગ બુઝાવવાના સાધનો વગેરે પર પણ લાલ રંગ હોય છે.. જો કે લાલ રંગને ખતરાનો સંકેત માનવાની શરૂઆત મધ્ય યુગમાં થઈ હતી, જ્યારે કોઈ પણ કિલ્લા પર લાલ રંગનો ઝંડો શત્રુના આક્રમણના સંકેતના રૂપે લગાવવામાં આવતો હતો. લાલ રંગના શોખીનો ભીડમાં પણ અલગ તરી આવે છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ લાલ રંગ પસંદ કરતાં લોકો વધુ ઉત્સાહથી જીવે છે. એમને મન પ્રેમ અને દોસ્તીનું વધુ મહત્વ હોય છે. લાલ રંગ ડેન્જરની સાથે સાથે પેશન પણ સૂચવે છે એટલે આવા લોકો નવી બાબતો અજમાવવામાં આગળ હોય છે. આને કારણે, તેઓ ઘણી વખત મુશ્કેલીમાં પણ મુકાઈ જાય છે, પરંતુ વસ્તુઓ પ્રત્યેનો તેમનો ઉત્કટ તેમને મુશ્કેલ સમયમાંથી બહાર નીકળવામાં મદદ કરે છે. આ તેમને સફળતા આપે છે. લાલ શક્તિની, જીતવાની ઈચ્છાની, નેતૃત્વની વાત કરે છે. લાલ એ મજબૂત શક્તિનો રંગ છે. તે ઉત્કટનું પ્રતીક છે: જુસ્સાથી નફરત કરે છે, ખૂબ ઉત્સાહથી પ્રેમ કરે છે, ઉત્સાહથી રાહ પણ જુએ છે.

લાલ રંગ તાકાત.. શૂરવીરતા.. શક્તિ.. એક્સાઈમેન્ટ દર્શાવે તો છે જ પણ કલર થેરીપી મુજબ લાલ રંગ શરીર અમે મનને ચેતનવંતુ બનાવે છે અને એને લીધે લોહીનું પરિભ્રમણ વધારવામાં પણ હેલ્પ કરે છે એ વૈજ્ઞાનિક સત્ય છે. એનાથી પાચન શક્તિ વધે છે, શ્વાસોચ્છવાસ વધે છે અને બ્લડ પ્રેશર પણ વધે છે. અનેક સંશોધનો પછી એવો નિષ્કર્ષ નીકળ્યો છે કે લાલ રંગ ધારણ કરેલ વ્યક્તિમાં ડોમીનન્સ કે સર્વોપરિતાનો ભાવ આવે છે અને એ ધારણ કરનાર જ નહિ પણ સામે ઉભેલા વ્યક્તિ કે સમૂહ પર પણ અસર કરે છે....!! એમ તો વાસ્તુશાસ્ત્રમાં પણ લાલ રંગને સકારાત્મક ઉર્જાનો સ્ત્રોત માનવામાં આવે છે. જ્યાં તમે રહેતા હોય તે ઘર પણ જો લાલ રંગ કરાવેલ હોય તો જીંદગીમાં એક નવો બદલાવ આવી જાય છે. રજસનો રંગ લાલ છે અને રજસ એટલે ગર્વ, લોભ, કામ, ક્રોધ. રજસ એ માનવ સહજ ગુણ છે. એ ગતિશીલતા પણ બતાવે છે. ક્રિયા, જોમ, ઉત્સાહ પણ રજોગુણ છે. આગ, લોહી, બલિદાન રજસ છે. હિંસા, ગુસ્સો અને પ્રેમ પણ, રજસ છે. ઐતિહાસિક રૂપથી લાલ રંગ સાહસ અને ત્યાગનો પ્રતિક છે. સાથે જ લાલ રંગ ગુસ્સો અને આક્રોશ પણ વ્યક્ત કરે છે. લાલ રંગ યુદ્ધના દેવતા મંગળનો પ્રતિક પણ છે. આપણે ભલે લાલ ને શુભ ગણીએ પણ આપણાથી દુર આફ્રિકા ખંડમાં માત્ર માતમ અને શોકની નિશાની માનવામાં આવે છે તો રશિયનો ઝારનું શાસન ઊથલાવી નાખનાર બોલ્શેવિક ક્રાંતિ વખતે લાલ ધ્વજનો પ્રતીક તરીકે ઉપયોગ થયો હતો ત્યારથી લાલ રંગને બ્યુટિફૂલ માને છે. લાલ રંગ સામ્યવાદનું પ્રતીક છે. જો કે હળાહળ સામ્યવાદી ચીનમાં લાલ રંગ સારાં ભાગ્યની નિશાની ગણાય છે. ગુજરાતીમાં તો લાલ રંગને સમાવતી કહેવતો પણ છે. જેવી કે લ્ર આંખ લાલ કરવી, ઘરડી ઘોડી ને લાલ લગામ અને તમાચો મારીને ગાલ લાલ રાખવો તો જબરદસ્ત ઊજવણી કરવા માટે અંગ્રેજીમાં, 'પેઈન્ટ ધી ટાઉન રેડલ્ર કહેવાય છે. પ્રખ્યાત ક્રિકેટર મોહિન્દર અમરનાથ રમતી વખતે હમેશા બહાર દેખાય એ રીતે લાલ નેપકિન નો ટુકડો રાખતા કેમ કે લાલ રંગ ને લીધે બોલર ડિસ્ટરેક્ટ રહે ! મરચાં તો લાલ હોય તો ખાવાની ઓર મજા આવે અને એવું જ લાલ ડુંગળી નું પણ છે જ ને. આમેય લાલ, પીળો ને વાદળી જ મૂળ રંગો છે બાકી બધા તો મિકસિંગ કલર્સ છે મારા ભાઈ..!